પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૦૫, કુલ પાના:૪, તારીખ: ૨૫-૧૨-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 105 PRICE :-RS. 1.50 DATE : 25-12-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રેટિંગ એજન્સી ઈન્ડિયા રેટિંગ્સે ભારતના વિકાસદરમાં સુધારો કર્યો

## ૨૦૨૦-૨૧માં ભારતની અર્થવ્યવસ્થામાં ૭.૮ ટકાનું સંકોચન જોવા મળશે

ન્યુ દિલ્હી,

સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ધારણા કરતા અર્થવ્યવસ્થામાં ઓછા સંકોચનથી વિવિધ સ્થાનિક અને વિદેશી રેટિંગ એજન્સીઓ દ્વારા ભારતીય અર્થતંત્રના વિકાસદરના અંદાજમાં સુધારો કરવાની ફરજ પડી છે. હવે ભારતીય રેટિંગ એજન્સી ઈન્ડિયા રેટિંગ્સે ભારતના ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના વિકાસદરના અંદાજમાં સુધારો કર્યો છે.

એજન્સીએ કહ્યુ કે, વર્ષ ૨૦૨૦-૨૧માં ભારતીય અર્થવ્યવસ્થામાં ૭.૮ ટકાનું સંકોચન જોવા મળશે. જ્યારે અગાઉ એજન્સીએ ભારતના વિકાસદરમાં ૧૧.૮ ટકાના ઘટાડાની આગાહી કરી હતી.

ઈન્ડિયા રેટિંગ્સે કહ્યુ કે, ચાલુ વર્ષે બીજા ક્વાર્ટર જુલાઈથી સપ્ટેમ્બર દરમિયાન જે રિકવરી જોવા મળી, તેમાં તહેવારોની માંગ અને અનલોક બાદ માંગ નીકળી છે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં જીડીપીમાં ૭.૫ ટકાનું સંકોચન આવ્યુ છે જ્યારે તેની પૂર્વે જૂન ક્વાર્ટર દરમિયાન ભારતના વિકાસદરમાં ૨૩.૯ ટકાનો ઐતિહાસિક ધબડકો નોંધાયો હતો.

એજન્સીએ કહ્યુ કે, અસરકારક વેક્સીન વગર મહામારીથી મુક્તિ મળશે નહીં પરંતુ આર્થિક એજન્ટોએ નવી સ્થિતિની સાથે જીવવાનું શિખવાડી દીધુ છે. ઓક્ટોબરથી ડિસેમ્બરના ત્રીજા ક્વાર્ટરમાં જીડીપીમાં ૦.૮ ટકાનું સંકોચન જોવા મળી શકે છે અને ત્યારબાદ જાન્યુઆરીથી માર્ચના ચોથા ક્વાર્ટરમાં વિકાસદરમાં ૦.૩ ટકાની વૃદ્ધિ જોવા મળી શકે છે. અગાઉ એજન્સીએ કહ્યુ હતુ કે, બીજા ક્વાર્ટમરાં ઈકોનોમી વૃદ્ધિ કરતી થઈ જશે.

એજન્સીના મુખ્ય અર્થશાસ્ત્રી દેવેન્દ્ર પંતે રિપોર્ટમાં કહ્યુ કે, સમગ્ર ચાલુ નાણાંકીય વર્ષે જીડીપીમાં ૭.૮ ટકાનો ઘટાડો જોવા મળી શકે છે. અલબત્ત નવા નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ભારત ૯.૬ ટકાનો વિકાસદર દર્શાવી શકે છે. એજન્સીનું કહેવુ છે કે, ચાલુ વર્ષે કૃષિ અને બાંધકામ ક્ષેત્રમાં ૩.૫ ટકાનો વિકાસ થશે જ્યારે ઔદ્યોગિક ક્ષેત્રે ૧૦.૩ ટકા અને સર્વિસ સેક્ટરનો વૃદ્ધિદર ૯.૮ ટકા ઘટશે.

એજન્સીના મતે ચાલુ નાણાંકીય વર્ષે ભારતની રાજકોષીય ખાધ જીડીપીના ૭ ટકા જેટલી રહેશે જ્યારે બજેટમાં ૩.૫ ટકાનો અંદાજ મૂકાયો છે. ઉલ્લેખનિય છે કે, રાજકોષીય ખાધ પહેલાથી બજેટ અંદાજને વટાવી ગઈ છે. તો ચાલુ વર્ષે જથ્થાબંધ અને રિટેલ મોંઘવારી દર અનુક્રમે ૦.૩ ટકા અને ૬.૮ ટકા રહી શકે છે.

## સિવિલમાં વેક્સીનના બુસ્ટર ડોઝનું ટ્રાયલ શરૂ, પ્રથમ ડોઝ ૫૫૦ સ્વંયસેવકોને અપાયો



અમદાવાદ,

હાલ અમદાવાદ સોલા સિવિલમાં કોવેક્સીન વેક્સીનનું ટ્રાયલ સફળતાપૂર્વક ચાલી રહ્યું છે. ત્યારે કોરોના વેક્સીનના ટ્રાયલ મામલે સારા સમાચાર આવ્યા છે. કૉવેક્સીનનો પ્રથમ ડોઝ ટ્રાયલ અંતર્ગત સોલા સિવિલમાં ૫૫૦ જેટલા સ્વયંસેવકોને આપવામાં આવ્યો છે. ત્યારે સોલા સિવિલ હોસ્પિટલમાં ૨૫ નવેમ્બરથી શરૂ થયેલા ટ્રાયલ અંતર્ગત વેક્સીનનો ડોઝ લેનાર એકપણ સ્વયંસેવકને કોઈ પણ સમસ્યા સામે આવી નથી. ત્યારે કોવેક્સીનનો બીજો ડોઝ આપવાની શરૂઆત કરાઈ છે. આત્મનિર્ભર કોવેક્સીનનો બીજો એટલે કે બુસ્ટર ડોઝ અમદાવાદ ખાતેની સોલા સિવિલમાં આપવાની શરૂઆત થઈ છે.

મેડિસિન વિભાગના વડા અને કોવેક્સીન ટ્રાયલના હેડ ડો. પારુલ ભટ્ટે જણાવ્યું કે, રાજ્યના એકમાત્ર વેક્સીન ટ્રાયલના સેન્ટર પર આજથી કોવેક્સીનનો બીજો એટલે કે બુસ્ટર ડોઝ વોલિન્ટિયર્સને આપવામાં આવ્યો છે. અમદાવાદના સોલા સિવિલ હોસ્પિટલમાં ખાતે આત્મનિર્ભર કોરોના વેક્સીનનું ટ્રાયલ ચાલી રહ્યું છે. બુસ્ટર ડોઝ આપ્યા બાદ વોલિન્યર્સને અડધો કલાક ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. બીજો એટલે કે બુસ્ટર ડોઝ આપ્યા બાદ વોલિન્ટિયર્સમાં હજી સુધી કોઈ પણ આડઅસર જોવા મળી નથી. હવે સોલા સિવિલ ખાતે પ્રથમ ડોઝની સાથે બીજો બુસ્ટર ડોઝ પણ આપવામાં આવશે. અત્યાર સુધી કોવેક્સીનનો પ્રથમ ડોઝ ૫૫૦ લોકોને આપવામાં આવ્યો છે. ૩૧ ડિસેમ્બર સુધીમાં ૧૦૦૦ વોલિન્ટિયર્સને પ્રથમ ડોઝ આપવાનો છે. ત્યારે હવે આ ટાર્ગેટ પૂર્ણ કરવા સોલા હોસ્પિટલ વધુ સજ્જ બન્યું છે.

હવે સવારે ૧૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી ટ્રાયલ વેક્સીન વોલિન્ટિયર્સને આપવામાં આવશે. પ્રથમ ડોઝ આપ્યાના ૨૮ દિવસ થયા બાદ સ્વંય સેવકોને બીજો એટલે કે બુસ્ટર ડોઝ આપવામાં આવે છે. ૨૮ દિવસ પૂર્ણ થતાં વોલેન્ટીયર મહિલાને સોલા સિવિલ ખાતે બુસ્ટર ડોઝ આપવામાં આવ્યો છે. ૫એમએલ. ડોઝ ઈન્જેક્શનના રૂપે સ્વંયસેવકોને આપવામાં આવી રહ્યા છે. જે હાથ પર પ્રથમ ડોઝ સ્વંયસેવકે લીધો હોય તેના બદલે બીજા હાથ પર બીજો એટલે કે બુસ્ટર ડોઝ આપવામાં આવશે. બુસ્ટર ડોઝ સમગ્ર દેશમાં પ્રથમ ૧૩૦ લોકોને અપાઈ જાય, ત્યારબાદ મહત્વપૂર્ણ ડેટા મળશે. ૧૦ જાન્યુઆરીથી ૧૫ જાન્યુઆરીની વચ્ચે કોવેક્સીન સંદર્ભે શુભ સમાચાર મળી શકે છે. પ્રથમ ડોઝની જેમ જ બીજા એટલે કે બુસ્ટર ડોઝ આપ્યા બાદ કોઈ આડઅસર ના જોવા મળે તો ઈમરજન્સી યુઝ માટે ભારત બાયોટેક પરવાનગી માંગી શકે છે.

### રાહુલ ગાંધી સહિત ત્રણ નેતાઓએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી આવેદન આપ્યું

## ....તો મોદી મોહન ભાગવતને પણ આતંકી ગણાવશે: રાહુલ ગાંધી



ન્યુ દિલ્હી,

કેન્દ્ર દ્વારા લાવવામાં આવેલા ત્રણ નવા કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતો છેલ્લા ૨૯ દિવસથી દિલ્હીની સરહદો પર પ્રદર્શન કરી રહ્યા છે. ખેડૂત આંદોલનને લઈને કોંગ્રેસના રાહુલ ગાંધી સહિત ત્રણ નેતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને મળ્યા હતા. બીજી તરફ કોંગ્રેસને માર્ચ નીકાળવાની મંજૂરી મળી નહોતી, જેને લઈને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અન્ય કેટલાંક નેતાઓની અટકાયત કરવામાં આવી. જો કે પોલીસ દ્વારા થોડા સમય બાદ કોંગ્રેસના નેતાઓને છોડી દેવામાં આવ્યાં હતા. દિલ્હીમાં કોંગ્રેસની માર્ચ પહેલા પ્રિયંકા ગાંધીની અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસના નેતાઓ વિજય ચોકથી રાષ્ટ્રપતિ ભવન માર્ચ યોજવાના હતા. જો કે આ અગાઉ કોંગ્રેસની આ માર્ચને પોલીસ દ્વારા મંજૂરી આપવામાં આવી નહોતી. આ બાદ કોંગ્રેસના ત્રણ નેતાઓને રાષ્ટ્રપતિ સાથે મુલાકાતની મંજૂરી મળી હતી. જેને લઈને કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સહિત ગુલામ નબી આઝાદ, અધિર રંજને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરી હતી. જ્યાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બે કરોડ લોકોના હસ્તાક્ષર સહિત મેમોરેન્ડમ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને સોંપ્યું હતું. કોંગ્રેસે રાષ્ટ્રપતિને ત્રણ નવા કૃષિ કાયદા પરત લેવાની માંગ કરી હતી.

રાષ્ટ્રપતિને મળ્યા બાદ રાહુલ ગાંધીએ પત્રકારોને જણાવ્યું કે ભારતમાં લોકતંત્ર નથી બચ્યું. પાર્ટી નેતાઓની ધરપકડ અંગે તેઓએ કહ્યું કે લોકતંત્ર સપનામાં ભલે હોય પરંતુ હકીકતમાં તે બિલકુલ નથી.

કૃષિ કાયદાઓને લઈ વાયનાડના સાંસદે કહ્યું કે, ક્રોની કેપિટાલિસ્ટ્સ માટે વડાપ્રધાન મોદી નાણા બનાવી રહ્યા છે. જે પણ તેમની વિરુદ્ધ ઊભા રહેવાનો પ્રયાસ કરશે, તેઓ આતંકવાદી કહેવાશે. તે ભલે ખેડૂત હોય, શ્રમિક હોય કે મોહન ભાગવત હોય.

રાહુલ ગાંધીએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત બાદ કહ્યુ કે, રાષ્ટ્રપતિને અમે કહ્યુ કે આ જે કાયદા બનાવવામાં આવ્યા છે તે ખેડૂત વિરોધી છે અને તેમાં ખેડૂતો, મજૂરોને નુકસાન થવાનું છે. હું વડાપ્રધાનને કહેવા માંગુ છું કે ખેડૂત હટશે નહી, વડાપ્રધાને એમ ના વિચારવુ જોઈએ કે ખેડૂત, મજૂર ઘરે જતા રહેશે.

રાહુલ ગાંધીએ કહ્યુ કે સરકાર સંસદનું સંયુક્ત સત્ર બોલાવે અને આ કાયદાને તુરંત પરત લે. રાહુલ ગાંધીએ કહ્યુ કે, આજે ખેડૂત દુખી છે અને દર્દમાં છે, કેટલાક ખેડૂતોના મોત પણ થયા છે. રાહુલ ગાંધીએ કહ્યુ કે, ખેડૂતો સામે કોઈ શક્તિ ઉભી નથી થઈ શકતી, નવા કૃષિ કાયદાથી દેશને નુકસાન થશે. ખેડૂત કૃષિ કાયદા વિરૂદ્ધ ઉભા છે, તેમણે કાયદો પરત લેવો પડશે. સરકાર વિરૂદ્ધ બોલનારા લોકોને દેશદ્રોહી કહેવામાં આવે છે.

## કોરોનાની માહિતી સીમિત, માસ્ક વગરના લોકો પાસેથી વસુલાયો ૧૧૬ કરોડ દંડ

અમદાવાદ,

કોરોના મહામારી વચ્ચે એકમાત્ર માસ્ક જ સંક્રમણ સામે રક્ષણ આપી રહ્યું છે, જેને પગલે પોલીસ દ્વારા ફરજિયાત જાહેરમાં માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સિંગનું ભંગ કરનાર જનતા પાસેથી મોટો દંડ વસૂલવામાં આવી રહ્યો છે. જેના ભાગરૂપે ગુજરાતમાં અત્યાર સુધી કરોડો રૂપિયાનો દંડ રાજ્ય સરકારની તિજોરીમાં ભેગો થઈ ચૂક્યો છે. ગુજરાત પોલીસે એક દિવસમાં ૧ કરોડનો દંડ વસૂલ્યો હોવાનો એક અહેવાલ સામે આવ્યો છે. જેમાં શહેરમાં માસ્ક ન પહેરનારા પોતાની જાતને તો મુશ્કેલીમાં મૂકી રહ્યા છે, સાથો સાથ બીજાની જિંદગી સાથે પણ ખિલવાડ કરી રહ્યા છે. ત્યારે શહેરમાં એક દિવસમાં માસ્ક ન રહેરનારા ૧૨,૮૯૬ લોકોને ગુજરાત પોલીસે દંડ ફટકાર્યો છે, જેમાં પોલીસને ૧ કરોડ ૨૮ લાખથી વધારે રકમ ભેગી થઈ છે. ગુજરાત પોલીસે જાહેરનામા ભંગના ૪૭૫ ગુના પણ દાખલ કર્યા છે.

કોરોનાકાળમાં ગુજરાતીઓના ખિસ્સા ખાલી થઈ ગયા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. કોરોનાકાળથી અત્યાર સુધી લોકોએ રૂપિયા ૧.૧૬ અબજનો દંડ વસૂલ્યો છે. કોવિડ ગાઈડલાઈન ભંગ બદલ સરકારે દંડ વસૂલવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ ૧૦૦૦ રૂપિયાનો દંડ મામલે ગુજરાત હાઈકોર્ટમાં સોગંદનામું કર્યું હતું અને મોટો ખુલાસો થયો છે. પોલીસે માસ્ક ન પહેરનારા કુલ ૨૩,૬૪,૪૨૦ લોકો દંડાયા છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવે HCમાં સોગંદનામું કર્યુ છે.

કોરોના વાયરસ સંક્રમણને ફેલાતું અટકાવવા માટે રાજ્ય સરકારે લીધેલા પગલાં અંગે હાઈકોર્ટમાં એક સોગંદનામું કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિએ હાઈકોર્ટમાં સોગંદનામું કર્યું છે. આરોગ્ય વિભાગના અગ્રસચિવ જયંતિ રવિના સોગંદનામામાં મોટો ખુલાસો થયો છે. જેમાં કોરોના વાયરસને લગતી માહિતી સીમિત હોવાનું સામે આવ્યું છે. એક વર્ષ જૂનો વાયરસ હોવાથી સીમિત માહિતીની માહિતી મળી છે. સાવચેતીમાં જ સલામતીપઆ સૂત્રને અપનાવીને કામ કરવું પડશે. માસ્ક પહેરવા અને

(અનુ.પાના.નં.૨)


## ગુજરાતમાં નીટની પરીક્ષા પણ મોડી લેવાશે

અમદાવાદ,

કોરોનાને લીધે એમબીબીએસના વિદ્યાર્થીઓને એક વર્ષની કરવી પડતી ઈન્ટર્નશિપમાં રેગ્યુલર ક્લિનિકલ ટ્રેનિંગ મળી શકી નથી નથી જેથી નેશનલ મેડિકલ કમિશન દ્વારા તમામ મેડિકલ કોલેજોના યુજી સ્ટુડન્ટસ માટે ઈન્ટર્નશિપ મુદત વધારી ૩૧મી મે સુધી કરવામાં આવી છે. જેના પગલે હવે નીટ પણ મોડી લેવાશે. પરંતુ હજુ સુધી નીટ પરીક્ષાની તારીખ અને પરીક્ષા માટેની રજિસ્ટ્રેશન પ્રક્રિયા જાહેર કરવામા આવી નથી. કોરોનાને લીધે માર્ચથી તમામ કોલેજો બંધ થઈ ગઈ છે અને જેમાં મેડિકલ કોલેજોનો પણ સમાવેશ થાય છે. કોરોના તેમજ લોકડાઉનને પગલે રેગ્યુલર ઓપીડીથી માંડી સર્જરી પણ બંધ થઈ જતા એમબીબીએસના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ બાદ કરવી પડતી ઈન્ટર્નશિપમાં નુકશાન થયું હતું. ઈન્ટર્નશિપ દરમિયાન વિદ્યાર્થીઓને કલનિકલ ટ્રેનિંગ મળતી હોય છે પરંતુ દર્દીઓના અભાવે પુરતી ટ્રેનિંગ પણ મળી શકી ન હતી. કોલેજો-હોસ્પિટલોમાં સમાન રીતે ઈન્ટર્નશિપ ન જળવાતા નેશનલ મેડિકલ કમિશને તમામ મેડિકલ કોલેજો-યુનિ.ઓને ઈન્ટર્નશિપ કેલેન્ડર રીશીડયુલ કરવાની મંજૂરી આપી છે.

વિદ્યાર્થીઓને ઈન્ટર્નશિપમાં કલનિકલ કલર્કશિપના સમયગાળાનું જે નુકશાન થયું છે તે ભરપાઈ કરવા માટે ઈન્ટર્નશિપ મુદત ૩૧ મે સુધી વધારી આપી છે. મોટા ભાગે ૩૧ માર્ચ સુધીમાં ઈન્ટર્નશિપ પુરી થતી હોય છે ત્યારે બે મહિના મુદત વધતા વિદ્યાર્થીઓને ફાયદો થશે. જોકે, બીજી બાજુ હવે પીજી મેડિકલ પ્રવેશ માટેની નીટ મોડી લેવાશે.

## બગદાદમાં અમેરિકાના દૂતાવાસ પર રોકેટ હુમલો: ટ્રમ્પે ઈરાનને જવાબદર ઠેરવ્યું



વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાકની રાજધાની બગદાદમાં અમેરિકના દૂતાવાસ પર કરાયેલા રોકેટ હુમલા માટે ઈરાનને જવાબદાર ઠેરવ્યું છે. આ સાથે જ ઈરાનને ધમકી આપી છે કે જો આ હુમલામાં કોઈ અમેરિકન નાગરિકનું મોત થયું છે તો લશ્કરી કાર્યવાહી દ્વારા જવાબ આપવામાં આવશે. ટ્રમ્પે અમેરિકાના દૂતાવાસ પર છોડાયેલા રોકેટની તસવીર ટ્વીટ કરીને કહ્યું કે, આ રોકેટ ઈરાનથી આવ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ટ્વીટ કરીને કહ્યું કે રવિવારે બગદાદમાં અમારા દૂતાવાસ પર કેટલાક રોકેટ છોડવામાં આવ્યા હતા. ત્રણ રોકેટ છોડી શકાયા નહતા. અંદાજ લગાવો આ રોકેટ ક્યાંથી આવ્યા હતા: ઈરાન. અમને એવી વાત મળી છે કે ઈરાકમાં અમેરિકાના નાગરિકો પર વધુ હુમલાઓ થઈ શકે છે. ઈરાનને હું મિત્ર તરીકે એક સલાહ આપીશ. જો એકપણ અમેરિકન નાગરિકનું હુમલામાં મોત થયું તો ઈરાનને જવાબદાર ઠેરવવામાં આવશે અને હું આ વાતને ગંભીરતાથી લઈ રહ્યો છું.

ઈરાકની સેનાએ જણાવ્યું હતું કે રવિવારે અત્યંત સુરક્ષિત

(અનુ.પાના.નં.૨)

## મોટી કંપનીઓએ GSTની ૧%-રકમ રોકડમાં ભરવી પડશે

ન્યુ દિલ્હી,

નાણાં મંત્રાલયે કહ્યું હતું કે રૂ. ૫૦ લાખથી વધુ માસિક ટર્નઓવર (વેપાર) કરતી કંપનીઓએ ફરજિયાતપણે એક ટકો ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સની ચુકવણી રોકડમાં કરવાની રહેશે. આ પગલું ખોટાં બિલ (ઈનવોઈસ) દ્વારા ટેક્સની ચોરી રોકવા માટે લેવામાં આવ્યું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડિરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમએ જીએસટી નિયમોમાં નિયમ ૮૬-બી રજૂ કર્યો છે.

આ નિયમ ઈનપુટ ટેક્સ ક્રેડિટની મહત્તમ ૯૯ ટકા સુધી જ ઉપયોગ જીએસટીની ચુકવણીની મંજૂરી આપે છે. ઝ્રમ્ૈંઝ્રએ બુધવારે કહ્યું હતું કે કોઈ એક મહિનામાં કરપાત્રનું રૂ. ૫૦ લાખથી વધુ થવા પર કોઈ પણ રજિસ્ટર વ્યક્તિ ઈલેક્ટ્રોનિક ક્રેડિટ લેઝરમાં ઉપલબ્ધ રકમનો ઉપયોગ ૯૯ ટકાથી વધુ ટેક્સની જવાબદારી પૂરી કરવા માટે ના કરી શકે.

વેપારની ટર્નઓવરની મર્યાદાની ગણતરી કરતી વખતે જીએસટીની છૂટવાળાં ઉત્પાદનો અથવા ઝીરો દરો વાળા માલસામાનને એમાં સામેલ નથી કરવામાં આવે. જોકે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર અથવા કોઈ ભાગીદારે જો રૂ. એક લાખથી વધુનો ઈક્મ ટેક્સ આપ્યો છે અથવા રજિસ્ટર્ડ વ્યક્તિને એનાથી ગયા નાણાકીય વર્ષ દરમ્યાન ઉપયોગમાં ના લેવાયેલો ઈનપુટ ટેક્સ ક્રેડિટ પર રૂ. એક લાખથી વધુનું રિફંડ મળ્યું છે તો એ નિયંત્રણ લાગુ નહીં થાય.

EYEના કર ભાગીદાર અભિષેક જૈને કહ્યું હતું કે સરકારે રૂ. ૫૦ લાખથીની કરયોગ્ય વેપાર પર ઈનપુટ કર ક્રેડિટ દ્વારા જવાબદારીની ચુકવણીને ૯૯ ટકા સુધી સીમિત કરી છે. આ પગલાનો હેતુ કંપનીઓને ખોટાં બિલો દ્વારા આઈટીસીનો દુરુપયોગ રોકવાનો છે.

Assure Cab
Never miss a flight
BECAUSE WE ASSURE CAB ALWAYS ON TIME.
Travel One Way Pay One Way
CALL OR WHATSAPP 7490866866
ARE YOU STILL PAYING FOR TWO WAY CHARGES ?
GPS ENABLED ■ DOOR TO DOOR ■ SANITIZED CAR ■ TOLL TAX INCLUDED

| : AIRPORT FARES : | | : GUJARAT TO MAHARASHTRA : | |
|---|---|---|---|
| VADODRA TO AHMEDABAD | : Rs.1399 | RAJKOT TO MUMBAI | : Rs.8499 |
| SURAT TO TO AHMEDABAD | : Rs.3299 | AHMEDABAD TO MUMBAI | : Rs.6499 |
| SURAT TO MUMBAI | : Rs.3299 | VADODRA TO MUMBAI | : Rs.5499 |
| RAJKOT TO AHMEDABAD | : Rs.2299 | SURAT TO MUMBAI | : Rs.3299 |
| BHUJ TO AHMEDABAD | : Rs.3999 | | |

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી લવાણા દૂધ ઉ.સ. મં.લી
ચેરમેન : કનુભાઈ ફતાભાઈ માલીવાડ
સેક્રેટરી : ઈશ્વરપુરીભાઈ ગોસાઈ
મુ. લવાણા, તા.ખાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ચાંચપુર અર્થ સેવા સહકારી મં.લી.
મુ. ચાંચપુર, તા. ગોધરા

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# સંતરામપુર નગરમાં ડાંગરના ટેકાના ભાવના ખરીદીમાં ડિલિવરીમાં મંથર ગતિએ ચાલતી કામગીરીમાં ખેડૂતોને ભારે રોષ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને ટેકાનો ભાવ સારો મળી રહે તેવા હેતુથી online બુક કરવાનું કામગીરી હાથ ધરી હતી. ત્યારબાદ સંતરામપુર નગરના એફ.સી.આઈ. ગોડાઉન ઉપર ખેડૂતો સોમવારથી પોતાનું પકવેલી ડાંગર એફ.સી.આઈ. ગોડાઉન પર આપવા માટે લઈને આવે છે પરંતુ કલાકો સુધી બેસી રહેવું પડે છે. અહીંયા ખેડૂતો સવારથી આવી કડકડતી ઠંડીમાં પોતાની ડાંગર લઈને એફ.સી.આઈ. ગોડાઉન ઉપર આવી પહોંચે છે, પરંતુ વજન કરવા માટેનું એક તોલમાપ કરવા માટે એક જ કાંટો હોવાના કારણે એક ખેડૂત ને બેથી ત્રણ કલાક નીકળી જાય છે. આખો દિવસ ડાંગર આપવા માટે આખો દિવસ બેસી રહેવું પડે છે. ગુજરાત સરકાર દ્વારા નિગમ દ્વારા લેવામાં આવેલી ખેડૂતની ડાંગર અત્યારે ખેડૂતને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. પૂરતી સુવિધાના અભાવે ભારે મુશ્કેલી વધી રહેલા છે. ઓનલાઇન બુકિંગ માં ૭૧૦ બુક કરવામાં આવેલ હતું પરંતુ જ એની સામે ૧૬૮ ખેડૂતોના ડાંગર લેવામાં આવેલું હતું. મંથર ગતિ ધીમી ગતિએ કામગીરી છતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ખેડૂતોને ડાંગર જમા કરવાની તારીખ ૩૧ ડિસેમ્બર સુધી જ હોય છે પરંતુ હજુ સુધી બુકિંગ પ્રમાણે ડાંગર હજુ સુધી લેવામાં આવેલ નથી. રોજના ૧૦ થી ૧૫ ખેડૂતના ડાંગર લેવામાં આવે છે. વજન કરવા માટેનો એક જ કાંટો અને આ પૂરતી સુવિધાના અભાવે ખેડૂતો મુશ્કેલીમાં આવેલા છે અને ભારે આક્રોશ અને રોષ જોવા મળ્યો હતો બુકિંગ પ્રમાણે ખેડૂતોની માંગ છે કે વહેલી તકે વજન કરવા માટે કાંટા ની સંખ્યામાં વધારો કરવામાં આવે અને વહેલી તકે ખેડૂતોને ડાંગર નિગમમાં જમા થાય ખેડૂત ની માંગણી છે. ફોટો એક જ વજન કાટો હોવાથી ઝડપી કામગીરી થતી નથી.

# મહિસાગર જીલ્લામાં વાદન સ્પર્ધા ૨૭ ડિસેમ્બર થી ૧૫ જાન્યુઆરી સુધી યોજાશે

લુણાવાડા, માનનીય મુખ્યમંત્રી દ્વારા તાઃ ૦૧/૧૦/૨૦૨૦ના રોજ ગુજરાતના યુવાધનને યોગ તથા શારિરીક સશકત બનાવવાના હેતુથી વર્તમાન મોબાઇલ ટેકનોલોજીના વપરાશ સાથેના અભિગમથી મોબાઇલ ટુ સ્પોર્ટસ ના અભિયાનની નવતર પહેલ કરી છે. હાલના કોરોના (કોવિડ -૧૯) ની મહામારીના વિષમ સંજોગોમાં ફેસબુક,વ્હોટસ એપ ,ઈન્સ્ટ્રાગ્રામ તથા વીડીઓ ગેમસ જેવી પ્રવતિઓના અત્યંત કિંમતી સમય વેડફાતા યુવાધનનો શારિરીક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી સરકાર એ વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન મોબાઇલ ટુ સ્પોર્ટસ ની નવી યોજના મંજૂર કરેલ છે. આ યોજનાને મોબાઇલ ટુ સ્પોર્ટસ ફેસબુક પેજ, યુ ટ્યુબ ચેનલ, રેડિયો કવીઝ, ચિત્ર સ્પર્ધા, ટેલીવિઝન તથા સોશ્ચિયલ મિડીયા સંબંધિત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો ઓડિઓ/વિડીઓ કલીપ રજૂ કરી યુવાનોને રમત ગમતની પ્રવૃત્તિઓ માટે પ્રેરણા સહ આકર્ષિત કરવામાં આવશે.

આ હેતુને સુચારૂ રૂપે પાર પાડવા રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગર તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીઓ દ્વારા સંયુકત રીતે વાદન(વાંસળી, તબલા, હાર્મોનિયમ (હળવુ) નું આયોજન કરેલ છે. જેમાં જુદા જુદા વય જુથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે. જેમાં ૦૬ થી ૧૪ વર્ષ સુધીના ,૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના, ૨૧ વર્ષ થી ૫૯ વર્ષ સુધીના તેમજ ૬૦ વર્ષથી ઉપરના ઓપન વય જુથમાં ભાગ લઈ શકશે. ઉકત સ્પર્ધાની નિયમોનુસાર વિડીઓ કલીપ તૈયાર કરી સીડી કે પેઈન ડ્રાઈવ માં તાઃ-૨૭/૧૨/૨૦૨૦થી તાઃ-૧૫/૦૧/૨૦૨૧ બપોરે ૧૨-૦૦ કલાક સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી રૂમનં.૨૩૨ , બીજો માળ,કલેકટર કચેરી,લુણાવાડા જી. મહીસાગર ખાતે મોકલવાની રહેશે. સ્પર્ધા અંગેના નિયમો જાણવા ડી.એસ.ઓ. મહીસાગર ફેસબુક આઇ.ડી. અથવા અમૃત ડામોર વ્હોટસ એપ નં. ૯૨૬૫૮૮૧૮૯૫ ઉપર મેસેજ કરી જાણી શકાશે.

જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂા ૧૦૦૦/- અને દ્વિતિય વિજેતાને રૂા.૭૫૦/- તેમજ તૃતિય વિજેતાને રૂા.૫૦૦/- આપવામાં આવશે.જયારે રાજય કક્ષાની ગાયન સ્પર્ધા માંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂા ૨૫૦૦૦/- અને દ્વિતિય વિજેતાને રૂા.૧૫૦૦૦/- તેમજ તૃતિય વિજેતાને રૂા.૧૦,૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂા.૫૦૦૦/- (પ્રત્યેકને) આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

આ અંગેની વધુ માહિતી મોબાઈલ ટુ સ્પોર્ટસ યોજના અંતર્ગત ફેસબુક પેઈજ https://www . f a c e b o o k . c o m / mobile2sports તેમજ યુ ટ્યુબ ચેનલ ની લિન્ક https:// www.youtube.com/chan- n e l / UCzsjR0vtHpN4rKesnUaz- g પરથી મળી શકશે. તેમ જિલ્લા રમત ગમત અધિકારી ની અખબારી યાદીમાં જણાવાયુ છે.

# લુણાવાડા ખાતે આજથી તા.૩૧મી સુધી અમૃત આહાર મહોત્સવનું આયોજન

લુણાવાડા, ભારતના પૂર્વ પ્રધાનમંત્રી ભારત રત્ન સ્વ. અટલબિહારી વાજપેયીજીના આજે તા.૨૫મી ડિસેમ્બર-૨૦૨૦ જન્મદિવસ સુશાસન દિવસ ગુડ ગર્વનન્સ ડે અન્વયે ગુજરાતમાં ૨૪૮ તાલુકા મથકોએ કિસાન કલ્યાણ કાર્યક્રમો યોજીને ધરતીપુત્રોને કૃષિ કલ્યાણલક્ષી વિવિધ લાભ-સહાય આપવામાં આવનાર છે.

આની સાથોસાથ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની ખેત પેદાશોના વેચાણને પ્રોત્સાહન આપવા તેમજ ગ્રાહકોને રસાયણમુકત અને ઝેરમુકત કુદરતી પેદાશો જરૂરિયાત મુજબ ઉપલબ્ધ થાય અને તેઓ પ્રાકૃતિક ખેત પેદાશોના ઉત્પાદક એવા ખેડૂતોના સંપર્કમાં આવે તે હેતુસર આજે તા. ૨૫/૧૨/૨૦૨૦ થી તા. ૩૧/૧૨/૨૦૨૦ સઘુ મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે સંતરામપુર રોડ ઉપર આવેલ પી.એમ.પંડયા કોલેજના પટાંગણમાં અમૃત આહાર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અમૃત આહાર મહોત્સવમાં જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ૧૩ ખેડૂતો તેમના દ્વારા પ્રાકૃતિક ખેત પેદાશોનું સીધું જ વેચાણ કરનાર હોઈ આ અમૃત આહાર મહોત્સવની મહીસાગરવાસીઓએ અવશ્ય એકવાર મુલાકાત લઈને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા એક યાદી દ્વારા જણાવ્યું છે.

આ સમગ્ર અમૃત આહાર મહોત્સવનું આયોજન જિલ્લા કલેકટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લાના આત્માના પ્રોજેકટ ડાયરેકટરની સીધી દેખરેખ હેઠળ કરવામાં આવ્યું છે.

આ અમૃત આહાર મહોત્સવનું આયોજન કોવિડ-૧૯ની મહામારીને ધ્યાને લઈ સરકારની ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવ્યું છે. ત્યારે નાગરિકોને પણ આ મહોત્સવમાં માસ્ક પહેરીને જ જવા તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગનો ભંગ ન થાય અને સરકારની ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન કરવા પણ જણાવાયું છે.

# પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલબિહારી વાજપેયીજીનો આજે જન્મદિવસ સુશાસન દિવસે મહીસાગર જિલ્લામાં યોજાશે કિસાન કલ્યાણ કાર્યક્રમો

લુણાવાડા, ભારતના પૂર્વ પ્રધાનમંત્રી ભારત રત્ન સ્વ. અટલબિહારી વાજપેયીજીના આજે તા.૨૫મી ડિસેમ્બર-૨૦૨૦ જન્મદિવસ સુશાસન દિવસ ગુડ ગર્વનન્સ ડે અન્વયે ગુજરાતમાં ૨૪૮ તાલુકા મથકોએ કિસાન કલ્યાણ કાર્યક્રમો યોજીને ધરતીપુત્રોને કૃષિ કલ્યાણલક્ષી વિવિધ લાભ-સહાય આપવામાં આવનાર છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના ખેડૂતોના સર્વગ્રાહી ઉત્કર્ષ અને કૃષિ વિકાસ દ્વારા ખેડૂતોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના લક્ષ્યને સિદ્ધ કરવા સાત પગલાં ખેડૂત કલ્યાણના યોજના રાજયમાં શરૂ કરાવી છે.

પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારીજીએ જય જવાન, જય કિસાન સાથે જય વિજ્ઞાનનું જે સૂત્ર આપેલું છે તેને સાકાર કરતાં મુખ્યમંત્રીના પ્રેરણા માર્ગદર્શનમાં આ કૃષિ કલ્યાણ કાર્યક્રમોમાં ૨૪૮ સ્થળોએ ઉપસ્થિત રહેનારા ધરતીપુત્રો-લાભાર્થીઓને મુખ્યમંત્રી ટેકનોલોજી-વિજ્ઞાનના માધ્યમ દ્વારા ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા વિજયભાઈ રૂપાણી એક સાથે માર્ગદર્શન આપશે.

તદ્અનુસાર આજે મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા સહિત જિલ્લાના તમામ છ તાલુકાઓમાં ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલિયા સહિત, સંસદસભ્યઓ, ધારાસભ્યઓ, પૂર્વ ધારાસભ્યઓ અને વિવિધ અગ્રણીઓની ઉપસ્થિતિમાં આજે તા. ૨૫મીના રોજ સવારના ૧૧-૦૦થી સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.

રાજય સરકાર દ્વારા સુશાસન દિવસની ઉજવણીના ભાગરૂપે સાત પગલાં ખેડૂત કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧માં ખેડૂતોને સંપૂર્ણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા સારૂં લાભાર્થીઓને નિદર્શન કીટમાં ૭૫ ટકા સહાય, કૃષિ ઉત્પાદનોમાં પરિવહન માટે મીડિયમ સાઈઝના ગુડઝ કેરેઝ વાહનોની ખરીદી પર નાણાંકીય સહાય, ફળ અને શાળભાજીનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી/શેડ કવર પૂરા પાડવાની યોજના, ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવા માટે સહાય આપવાની મુખ્ય મંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજના, સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ યોજનાઓના લાભાર્થીઓને તેમજ માનવ કલ્યાણ યોજના અંતર્ગત સાધન-સહાયનું વિતરણ કરવામાં આવનાર છે.

# મહીસાગરમાં આજે ૦૬ પોઝિટિવ કેસ : જિલ્લામાં કુલ ૧૯૧૦ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી અને ૦૩ પુરૂષોના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૪-૧૨-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૯૧૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી અને વિરપુર તાલુકાની ૦૨ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૭૯૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/કોરોનાના કુલ ૧૦૩૬૬૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૩૧૯ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૮ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૫ દર્દી હોમ આઈસોલેશન, ૦૨ દર્દી લુણાવાડા (CCC), ૦૫ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૭ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૫૩ દર્દીઓ સ્ટેબલ અને ૧૪ દર્દીઓ ઓકિસજન પર છે.

# મહીસાગરમાં નાતાલની સાવચેતીથી ઉજવણી કરવા અપીલ

લુણાવાડા, જિલ્લા કલેકટર આર. બી. બારડે મહીસાગરવાસીઓને કોરોના હજુ ગયો નથી. એ વાત સતત મનમાં રાખીને નાતાલનું પર્વ અને નવા વર્ષની ઉજવણી કોરોનાથી બચવાની તકેદારીઓ અને સાવચેતીઓનું ચુસ્તપણે પાલન કરવાની સાથે સંયમ અને નિયમોને પાળી ઉજવવાનો ખાસ સંદેશો પાઠવ્યો છે.

બારડે મહીસાગરવાસીઓને સંદેશો પાઠવતાં જણાવ્યું કે, આપણે સહુએ એક વાત ખાસ યાદ રાખવાની છે કે જો સાવચેતી હટશે તો કોરોનાનું સંક્રમણ વધવાની શક્યતા હકીકત બની શકે છે. બારડે વધુમાં તબીબો, પેરા-નોન પેરા મેડીકલના કર્મયોગીઓ સહિત વિવિધ વિભાગના કર્મયોગીઓ અને માધ્યમો એક પણ દિવસનો વિરામ લીધા વગર, જોખમ વહોરીને કોરોના સામે લડત આપી રહ્યાં છે. ત્યારે આવો આપણે સૌ લોક સહયોગથી અને તહેવારોની સંયમિત ઉજવણીથી કોરોના સામે સુરક્ષિત રહીએ અને રાષ્ટ્ર-રાજય અને જિલ્લાને કોરોના મુકત બનાવીએ એવી લાગણી વ્યક્ત કરી છે.

કલેકટરએ મહીસાગરવાસીઓને પુનઃ એક વાત યાદ અપાવી છે કે દરેક મહીસાગરવાસી સંકલ્પ કરે કે હું માસ્ક પહેર્યા વિના ઘરની બહાર નહીં નીકળું, દરેકથી ઓછામાં ઓછું છ (૬) ફૂટનું અંતર જાળવીશ, વારંવાર સાબુથી હાથ ધોઈશ કે સેનેટાઈઝરનો ઉપયોગ કરતો રહીશ અને આ મંત્રને અપનાવી કોરોનાને હરાવવામાં સહભાગી થઈશું.

# મહિસાગર જિલ્લાના ચાર તાલુકામાં મનરેગાના કામોમાં ભ્રષ્ટાચારનો મુખ્ય ભેજાબાજ ફરાર

લુણાવાડા, મનરેગા યોજના આવી ત્યારથી મહિસાગર જિલ્લામાં ભ્રષ્ટાચાર જોવા મળી રહ્યો છે. મહિસાગર જિલ્લાના ચાર તાલુકાઓમાં મહાત્માં ગાંધી નરેગા યોજના હેઠળના લુણાવાડા, બાલાસિનોર, વિરપુર, અને સંતરામપુર મળીને જુદા જુદા કામોમાં ૭૬ લાખથી વધુનુ કૌભાંડ આવતા જિલ્લા તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ જોવા મળ્યો હતો. જિલ્લા તથા તાલુકાના કર્મચારીઓની મિલીભગતથી લાખોનુ કૌભાંડ થયુ હોવાનુ માલુમ પડતાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડાયરેકટર જે.કે.જાદવ દ્વારા કૌભાંડ થયેલ ચારે ચાર તાલુકાઓના તાલુકા વિકાસ અધિકારીઓને એફ.આઈ.આર.કરવા આદેશ કરાયો પરંતુ જિલ્લા તંત્ર દ્વારા કેટલાંય જિલ્લાના અધિકારીઓ તથા તાલુકાના ફરિયાદ તથા બદલી થનાર આરોપી ટી.ડી.ઓ.તથા એકાઉન્ટ અને એપીઓ પણ આરોપીમાં આવે છે. પરંતુ જિલ્લા તંત્ર દ્વારા આરોપીઓનો બચાવ કરવામાં+ આવ્યો હોવાનુ સ્પષ્ટપણે જોવા મળી રહ્યુ છે. તો કેટલાંક તાલુકાના ઓપરેટરોના આઈડી પાસવર્ડ જિલ્લાના ઈમરાન પથા દ્વારા ઉપયોગ કરવામાં આવતા કૌભાંડ થયુ છે. જેથી તાલુકાના ઓપરેટરોને પાપડી ભેગુ ઈયળ બફાઈ એવો ઘાટ સર્જાયો છે. ત્યારે ચારેય તાલુકાઓમાં મનરેગા યોજનાનો મુખ્ય માસ્ટર માઈન્ડ ઈમરાન પથા(રહે.ગોધરા)ના તમામ મોબાઈલ નંબરો બંધ આવે છે. તે ફરાર થયો હોવાનુ સુત્રો દ્વારા જાણવા મળી રહ્યુ છે.

# ઘોઘંબા તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં બાળ સુરક્ષા સમિતીની બેઠક યોજાઇ

ગોધરા, પંચમહાલ જીલ્લામાં ઘોઘંબા ખાતે તાલુકા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને બાળ સુરક્ષા સમિતીની મિટીંગ યોજાઈ હતી. બેઠકમાં બાળ સુરક્ષા સંદર્ભે બાળકોને લગતા વિવિધ પ્રશ્નોની ચર્ચા તથા બાળ સુરક્ષા અને સમાજ સુરક્ષા અંગેની યોજનાઓ અને કાયદાઓ જેવા કે પાલક માતા પિતા યોજના, સ્પોન્સરશિપ યોજના, ફોસ્ટર કેર, જુવેનાઈલ જસ્ટીસ એકટ ૨૦૧૫ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન એકટ),પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સ (POCSO) એકટ -૨૦૧૨, બાળ અધિકારો અને સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS), બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ વગેરેની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તાલુકામાં આ અંગે થઈ રહેલી કામગીરીની વિગતો લેતા તાલુકા વિકાસ અધિકારીએ બાળકો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા બાળકોને એક સુરક્ષિત વાતાવરણ પૂરૂ પાડવા માટે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. સંકલિત બાળ સુરક્ષા યોજના અંતર્ગત જીલ્લા બાળ સુરક્ષા એકમ, ગોધરા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ૦ થી ૧૮ વર્ષના અનાથ બાળકોના શ્રેષ્ઠ હીત તથા અધિકારો ના રક્ષણ માટેની અસરકારક અને સક્ષમ વ્યવસ્થા ઉભી કરવી તથા કપરી પરિસ્થિતિમાં રહેલાં બાળકોનાં પુનઃસ્થાપન માટે કાર્યો કરી તેમને સમાજમાં મજબુત સ્થાન અપાવવા માટે સંકલિત બાળ સુરક્ષા યોજના અમલમાં છે. બેઠકમાં તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત સભ્ય, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, સી.ડી.પી.ઓ., તાલુકા હેલ્થ ઓફીસર, જિલ્લા બાળ સુરક્ષા એકમના પ્રતિનિધિ તથા સરપંચના હાજર રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૫-૧૨-૨૦૨૦, શુક્રવાર, નાતાલ, માગશર સુદ-૧૧, સૂર્યોદય-૭-૨૪, સૂર્યાસ્ત-૬-૦૭, જૈન નવકારશી-૮-૧૧, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ અશ્વિની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભ ચોઘડીયા-
૧૨-૨૨ થી અભિજીત-૧૩-૦૫ સુધી, ૭-૨૨ થી ચલ-લાભ-અમૃત-૧૧-૨૩ સુધી, ૧૨-૪૪ થી શુભ-૧૪-૦૪ સુધી, ૧૬-૪૫ થી ચલ-૧૮-૦૬ સુધી, ૨૧-૨૫ થી લાભ-૨૩-૦૪ સુધી

- શુભ હોરા-
૭-૨૫ થી ૧૩-૦૬ સુધી,૧૦-૫૯થી ૧૧-૫૪ સુધી,૧૩-૪૧થી ૧૬-૨૨ સુધી,૧૭-૧૫ થી ૧૮-૦૯ સુધી

## દૈનિક રાશીફળ

તા.૨૫.૧૨.૨૦૨૦ શુક્રવાર

મેષ (અ.લ.ઈ.) :- તમારા વિચારો રજૂ કરે. ચોક્કસ કોઈ લાભ મલવાનો ઉપરા વર્ગનો સહકાર સામચો રહેવાનો.
વૃષભ (બ.વ.ઉ.) :- તટસ્થ નિર્ણયો લાભદાયક રહેવાના સામાજીક પ્રતિષ્ઠા વધવાની છે પ્રવાસમાં સફળતા રહે.
મિથુન (ક.છ.ઘ.) :- તાત્કાલીક કોઈ નિર્ણયો ન લેવા ધીરજ પૂર્વકનુ કાર્ય સફળ થવાનુ કાર્યભાર રહેવાનો.
કર્ક (ડ.હ.) :- તનાવ દૂર થવાનો છે. ભાઈ-બહેનોથી સરકાર રહેવાનો કર્જમાં રાહત થવાની.
સિંહ (મ.ટ.) :- આત્મવિશ્વાસ વધારવો જરૂરી રહે. નવુ સાહસ સફળ થવાનું પ્રવાસમાં સફળતા રહે.
કન્યા (પ.ઠ.ણ.) :- મિલ્કત સંબંધી પ્રશ્નોમાં સુધારો થવાનો સ્થાફેરથી લાભ.
તુલા (ર.ત.) :- કામકાજમાં અનુકુળતા રહેવાની છે કોઈ નવી ઓફર પણ આવવાની આર્થિક લાભ મલવાનો.
વૃશ્ચિક (ન.ય.) :- નથિંગ ઈઝ ઈમ્પોસીવીલ આ મંત્રને ધ્યાન રાખીને તમારી શકિત પ્રમાણે નોકરીમાં લાભ રહે.
ધન (ભ.ધ.ફ.ઢ.) :- બીજાને ઉપયોગી થવાની ભાવના પ્રબળ બનવાની છે તમારા વિચારોને ટાળજો-અંધશ્રધ્ધા થી દૂર રહેજો.
મકર (ખ.જ.) :- કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો કોઈ નવુ આયોજન લાભ આપી. જશે. કર્જમાં રાહત થવાની.
કુંભ (ગ.શ.સ.) :- મહત્વકાંક્ષાઓ ફળવાની છે પ્રવાસની ઈચ્છામાં કોઈ પરિવર્તન રહે. તમારા મિત્રો ઉપયોગી રહેવાના.
મીન (દ.ચ.ઝ.) :- જુના કર્જમાં રાહત થવાની છે આવકનું પ્રમાણ વધવાનું પસંદગીના પાત્રની મુલાકાત થાય.

(પાન નં.૧ નું ચાલુ)

## કોરોનાની માહિતી સીમિત.....

સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા અંગે લોકજાગૃતિ માટે સરકાર અનેકવિધ કાર્યક્રમો કરી રહી છે. તકેદારી ન રાખતા લોકોને આકરો દંડ કરાયો હોવાની વાત સામે આવી છે. માસ્ક નહીં પહેરનારા કુલ ૨૩,૬૪,૪૨૦ લોકો જોડે દંડ વસૂલાયો છે. અત્યાર સુધીમાં અંદાજીત ૧૧૬ કરોડ રૂપિયાનો દંડ ગુજરાતીઓએ માસ્ક નહિ પહેરવા બદલ ભર્યો છે. સરકારી મેડીકલ કોલેજમાં ભણેલા ૯૦૦ MBBS ડોક્ટર અને ગ્રામીણ વિસ્તારમાં ત્રણ વર્ષ માટે સેવાના હુકમો કરાયા છે. MBBSના ત્રીજા અને ચોથા વર્ષમાં ભણતા ૬૫૯૭ વિદ્યાર્થીઓને કોવિડ સર્વેલન્સ અને ટેસ્ટિંગની કામગીરી સોંપાઈ છે. તમને જણાવીએ કે રાજ્યમાં હાલ ૧૧૩૯૭ એક્ટિવ કોવિડ હોસ્પિટલ છે, જેમાંથી અત્યાર સુધીમાં ૨,૩૭,૨૪૭ કુલ દર્દીઓ સારવાર લીધી છે.

તમને જણાવી દઈએ કે, અમદાવાદમાં ૨૬૫ દિવસમાં માસ્ક પહેર્યા વગર ફરતા ૪ લાખ લોકો પાસેથી પોલીસે રૂ.૨૨ કરોડનો દંડ વસૂલ્યો છે. તેમ છતાં હજુ રોજે રોજ ૩૫૦૦થી૪૦૦૦ લોકો માસ્ક વગરના પકડાઈ રહ્યાં છે. માસ્કના બદલે રૂમાલ બાંધવાની છૂટ હોવા છતાં પણ સાબરમતી વિસ્તારમાં એક વ્યક્તિ પાસેથી પોલીસે રૂ.૧ હજારનો દંડ વસૂલ્યો હતો.

ગુજરાત પોલીસે સોમવારે એક જ દિવસમાં શહેર પોલીસે ૩૯૭૯ લોકોને માસ્ક વગરનાને પકડીને રૂ.૩૯.૭૯ લાખ દંડ વસૂલ્યો હતો. બીજી બાજુ રાજ્યમાં ૨૧ અને ૨૨ ડિસેમ્બર દરમિયાન જાહેરનામા ભંગના કુલ ૮૩૫ ગુના દાખલ કરી માસ્ક ન પહેરવા અને જાહેરમાં થૂંકવા બદલ ૨૪,૭૭૩ વ્યક્તિઓ પાસેથી ૨.૪૬ કરોડ દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

## બગદાદમાં અમેરિકાના દૂતાવાસ....

ગણાતા ગ્રીન ઝોન વિસ્તારમાં આવેલા અમેરિકન દૂતાવાસ પર અનેક રોકેટ છોડવામાં આવ્યા હતા. આ રોકેટ હુમલાથી તણાવ વધવાની આશંકા પ્રબળ બની છે. ઈરાકને મતે એક પ્રતિબંધિત સંગઠને ગ્રીન ઝોનમાં આઠ રોકેટ છોડ્યા હતા. આ હુમલામાં એક ઈરાકી સૈનિક ઘાયલ થયો અને કેટલીક ઈમારોતને નુકસાન પહોંચ્યું હતું.

અમેરિકાના રાષ્ટ્રપતિ કાર્યાલય વ્હાઈટ હાઉસ ચિંતિત છે કે ઈરાન સમર્થિત સૈનિક ઈરાકમાં ૩ જાન્યુઆરીએ ઈરાની જનરલ કાસિમ સુલેમાનીની હત્યાની વરસીએ હુમલો કરી શકે છે. ઈરાનના જનરલ સુલેમાનીનું ઈરાકમાં એક અમેરિકન હવાઈ હુમલામાં મોત થયું હતું. તાજેતરના રોકેટ હુમલા પછી અમેરિકાના કાર્યકારી રક્ષામંત્રી, વિદેશ મંત્રી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે બુધવારે એક બેઠક યોજી હતી.

# પંચમહાલ જિલ્લામાં ડિજીટલ સેવા સેતુ અંતર્ગત સમાજસુરક્ષા ખાતાની યોજનાઓનો લાભ લેવા અપીલ

ગોધરા, ગુજરાત સરકારના સમાજ સુરક્ષા ખાતા શરૂ કરાયેલ પ્રશંસનીય પહેલ અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ દિવ્યાંગ અને વૃદ્ધ લાભાર્થીઓને સમાજ સુરક્ષા વિભાગની વન ડે સર્વિસ અંતર્ગત આવતી યોજનાઓનો લાભ લેવા માટે જિલ્લા કે તાલુકા કક્ષાએ પણ રૂબરૂ જવાની જરૂર નહીં પડે. પોતાના ગામથી ઓનલાઈન અરજી કરી તેઓ આ સેવાઓનો લાભ મેળવી શકશે, જેના માટે તેમણે માત્ર રૂ. ૨૦ જેટલી મામૂલી ફી ભરવાની થશે. સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગો માટે બસ પાસ યોજના, સંત સુરદાસ યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, તથા ઈંદીરા ગાંધી રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના તથા વૃદ્ધો માટે મામલતદાર કચેરીએથી અમલ થતી નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના, ઈંદીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના તથા રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન)ના લાભ માટે તાલુકા તથા જીલ્લા કક્ષાની કચેરી સુધી આવવુ પડે છે. જેથી જો તેઓ કામ કરતા હોય તો તેમની દૈનિક રોજગારી ઉપર વિપરીત અસર પડે છે ઉપરાંત આવવા જવા માટે સમય તથા વાહનભાડાનો ખર્ચ થાય છે. જેથી હવે આ વન-ડે સેવા ચાલુ થયેથી લાભાર્થીઓને હવે તાલુકા કે જીલ્લા કક્ષાએ રૂબરૂ આવવુ નહી પડે.ગ્રામ્ય કક્ષાના ઉપરોકત યોજનાના લાભાર્થીઓ માટે ડિજીટલ સેવા સેતુ વન ડે સર્વિસ કાર્યક્રમ અંતર્ગત ગ્રામ પંચાયતના ઈ-ગ્રામ કેન્દ્ર ઉપર આ અરજીઓ સ્વીકારવામાં આવશે, જેના માટે માત્ર રૂ ૨૦/- જેટલી નજીવી ફી ભરવાની રહેશે. જે બાદ વીસીઈ દ્વારા આ અરજી સબમિટ થયા બાદ તેના પર પ્રોસેસ કરી તે જ દિવસે સાંજ સુધીમાં અરજદારને સહાય મંજુર થયાની જાણ એસએમએસ/ઈ-મેઈલ મારફત કરવામાં આવશે. આ સુંદર પહેલનો વધુમાં વધુ લાભ લેવા લાભાર્થીઓને અનુરોધ કરાયો છે.

# દે.બારીઆ મામલતદાર ઓફિસના સ્ટેમ્પ વેન્ડરને કોરોના પોઝીટીવ મળતા તમામ સ્ટાફને ટેસ્ટ કરાયો

દે.બારીઆ, દાહોદ જીલ્લાના દે.બારીઆ મામલતદાર ઓફિસના લેડીઝ સ્ટેમ્પ વેન્ડરને કોવિડ-૧૯ પોઝીટીવ આવતા મામલતદાર ઓફિસમાં તમામ કર્મચારીઓ તથા બીજા સ્ટેમ્પ વેન્ડરને ટેસ્ટ કરતા વહિવટી તંત્રને હાશકારો થવા પામ્યો હતો. મળતી માહિતી અનુસાર દે.બારીઆ મામલતદાર ઓફિસમાં બેસતા લેડીઝ સ્ટેમ્પ વેન્ડરને કોરોનાના સંક્રમણમાં તેમના પતિના દ્વારા આવતાં તા.૨૩/૧૨/૨૦૨૦ બુધવારના રોજ ઓફિસ લગતા કામ કાજ બંધ કરી મામલતદાર ઓફિસના તમામ સ્ટાફને કોરોના ટેસ્ટ થી પસાર થયા હતા. કોઈને પણ પોઝીટીવ ન આવતા હાશકારો અનુભવાયો હતો. સીવીલનું મેડીકલ સ્ટાફ મામલતદાર ઓફિસમાં જઈને તમામ કર્મચારીઓ તથા બીજા સ્ટેમ્પ વેન્ડરોને સંક્રમણ ફેલાયું નથી ને તેની ખાતરી કરી હતી. આરોગ્ય વિભાગમાં પણ હાશકારો અનુભવાયો હતો. દર રવિવારના દિવસે આખું દે.બારીઆ શહેર બંધ રહે છે. જેથી તમામ બેંકો જાહેર સ્થળો સરકારી હોસ્પિટલ તેમજ મામલતદાર ઓફિસ જેવા અનેક સ્થળોને તેમજ કસ્બાગણી મહોલ્લા અને મુખ્ય રોડ ઉપર સેનેટાઈઝર કરવાની આમ જનતાની માંગ ઉઠવા પામી છે.






# દાહોદ જીલ્લા કોંગ્રેસ સમિતિ તબક્કાવાર કાર્યક્રમ આપી ખેડુત કાયદાનો વિરોધ કરશે

દાહોદ,

દાહોદ મુકામે પ્રદેશ સમિતિના આદેશ અનુસાર, કોંગ્રેસે ખેડુત કાયદા વિરૂધ્ધ ઝુંબેશ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ વેળાએ કોંગી નેતાએ ખેડુત કાયદા વિશે ઓછી અને ઉદ્યોગ પતિઓ વિશે વધારે ચર્ચા કરી હતી. દાહોદ અનાજ માર્કેટનો પણ વિશેષ ઉલ્લેખ કર્યો હતો. આગામી દિવસોમાં આંદોલન ગામડાઓ સુધી લઈ જવાનો નિર્ધાર પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ભારત સરકારે હાલમાં જ નવા બનાવેલા ત્રણ કૃષિ કાયદજાના વિરોધમાં દિલ્હીની સરહદો પર ખેડુતોએ ૨૬ દિવસથી ડેરા તંબુ તાણી દીધા છે. આ કાયદા પરત ન લેવાય ત્યાં સુધી ખેડુતો લડી લેવાના મુડમાં છે અને અત્યાર સુધી ૨૨ ખેડુતોએ આંદોલન દરમ્યાન જીવ ગુમાવ્યા છે જેમાં આત્મહત્યા પણ સમાવિષ્ટ છે. ભાજપના નેતાઓ ખેડુતોને કોઈ નક્કર જવાબ આપતાં નથી અને ખેડુતો ભ્રમમાં હોવાનું રટણ કરી રહ્યા છે તેમજ વિપક્ષને જવાબદાર ઠેરવી રહ્યા છે. આ ખેડુતો આંદોલનને રાજકીય સ્વરૂપ આપવા માંગતા જ નહીં હોવાથી તેઓ કોઈપણ રાજકીય નેતાને મંચ પર સ્થાન આપતાં જ નથી તેમ છતાં ગુજરાતમાં કોંગ્રેસે ખેડુત આંદોલનમાં પગ પેસારો કરવા માંડ્યો છે. તેના ભાગરૂપે જિલ્લા કક્ષાએ વિવિધ નેતાઓને મોકલીને ખેડુત કાયદા વિરોધમાં યોજાનારા કાર્યક્રમોની જાણકારી આપવામાં આવે છે. જેમાં દાહોદમાં ગોધરાના પુર્વ કોંગી ધારાસભ્ય રાજેન્દ્ર પટેલ અને છોટાઉદેપુર જિલ્લા પંચાયતના માજી પ્રમુખ રણજીતસિંહ રાઠવા, જિલ્લા કોંગી પ્રમુખ કીરીટ પટેલ અને પ્રવક્તા ઈશ્વર પરમાર ઉપસ્થિત રહ્યા હતાં. આ ધારાસભ્યને ખેડુત વિરોધી કાયદાની સમજ આપવાને બદલે અંબાણી અને અદાણી અને ભાજપ સરકારની જ ટીકા વધારે કરી હતી. આ કોંગી નેતાએ આ કાયદાથી ખેડુતોને શું નુંકસાન થશે તેના પર વિશેષ પ્રકાશ પાડ્યો ન હતો અને આ કાયદાથી ખેડુત રાજાશાહીની માફક વેઠિયો થઈ જશે તેમ જણાવ્યું હતું. દાહોદ એપીએમસી અને દાહોદની મિલોને તેમણે ખેતી સેકટરના લેન્ડ માર્ક જણાવી તે ખતમ થઈ જાની ભિતી પણ વ્યક્ત કરી હતી. આગામી સમયમાં દાહોદ જિલ્લામાં કોંગ્રેસ ખેડુતોને જાગૃત કરશે તેમજ તબક્કાવાર કાર્યક્રમો આપી ખેડુત કાયદાના વ્યાપક વિરોધ કરવા અને કરાવવા વિશેના કાર્યક્રમોની યાદી જાહેર કરવામાં આવી હતી.

## અદાણીનું ગોડાઉન દાહોદમાં બને છે?

કોંગી નેતાએ જાહેરમાં કહ્યું હતુ કે, દાહોદમાં અદાણીનું મસમોટું ગોડાઉન બની રહ્યું છે, પરંતુ સ્થાનીક કક્ષાએ તપાસ કરતાં કોઈ નક્કર માહિતી મળી ન હતી એક સમયે એપીએમસી આ ગોડાઉન માટે ટેન્ડર ભરવા વિચારધીન હતી પરંતુ તે પાછળથી પડતું મુકાયું હતું અને ત્યાર બાદ અદાણી ગ્રૃપનું ૫૦ કરોડનું ટેન્ડર પાસ થયું હોવાનું કહેવાય છે.

## સ્થાનિક સ્વરાજની ચુંટણી કારણભૂત?

સમગ્ર ગુજરાતમાં ટુંક સમયમાં જ સ્થાનીક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે. ત્યારે ગામડાઓમાં પોતાના તરફ વાતાવારણ ઉભું કરવા રાજકીય પક્ષો મથી રહ્યા છે. ભાજપાના મુખ્યમંત્રીથી માંડીને તમામ નેતાઓ ખેડુત કાયદાઓ ખેડુતોના ઉદ્ધાર માટેના હોવાનું પુરવાર કરવા મેદાને પડ્યા છે. ત્યારે કોંગ્રેસ આ કાયદા ખેડુત વિરોધી હોવાનો જુવાળ ઉભો કરી ગામડાઓમાં મતદારોને પોતાના તરફે કરવાનો પ્રયાસ કરવાનો હોવાનું પણ નકારી શકાતું નથી.

# ગરબાડા ગામે તળાવમાં પડી મોત માટે પ્રેરિત કરવાના ગુનામાં બે ભુવાઓની ધરપકડ

દાહોદ,

દાહોદ જિલ્લાના નાનકડા ગરબાડા ગામમાં વ્યક્તિ માંદગીમાં પડતાં દવાખાને સારવાર કરાવવાની જગ્યાએ ભુવા પાસે લઈ જવાતા બુવાઓ દ્વારા આ વ્યક્તિની વિધી કરવા સારૂ ગામમાં આવેલ તળાવ પર લઈ જઈ નગ્ન કરી તળાવમાં કુદી જવા માટે દબાણ તેમજ મરી જવા માટે પ્રેરિત કરતાં માંદગીમાં સપડાયેલ વ્યક્તિ નગ્ન હાલતમાં તળાવના ઉંડા પાણીમાં કુદી પડતાં મોત નીપજતાં પોલીસે બે ભુવાઓની તાત્કાલિક ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ જિલ્લો આમેય આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો છે અને તેમાંય અંધશ્રદ્ધા, બડવા – ભુવામાં વિશ્વાસ ધરાવતાં અબુધ ગ્રામીણ પ્રજાને આવા ઢોંગી બડવા – ભુવાઓ ફાયદો ઉઠાવી લોકોને અંધશ્રદધાના ખપ્પરમાં ધકેલી રોકડી કરી લેતાં હોય છે. ઘણીવાર તો લોકોના જીવ પણ આ અંધશ્રદધાના કારણે જોખમમાં મુકાઈ જતાં હોય છે અને ભુતકાળમાં પણ આવા અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા ત્યારે વધુ એક કિસ્સો પ્રકાશમાં આવતાં જિલ્લાભરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ગરબાડા જેવા નાનકડા ગામમાં તોરણ ફળિયામાં રહેતા નરેશભાઈ નામક વ્યકિત છેલ્લા કેટલાક સમયથી માંદગીમાં સપડાયા હતા અને તેઓની તબીયત નાજુક રહેતી હતી. કોઈક દ્વારા આ બીમાર નરેશભાઈને ગામમાં જ રહેતા મકનાભાઈ હુમજીભાઈ ખરાડ અને કલાભાઈ તેરીયાભાઈ ડામોર નામના બડવા – ભુવાઓ પાસે લઈ ગયા હતા. ગત તા.૧૯મી ડિસેમ્બરના રોજ આ બે વ્યકિતઓ દ્વારા નરેશભાઈને વિધી કરવા સારૂ ગામમાં આવેલ એક તળાવ ઉપર લઈ ગયા હતા અને નગ્ન કરી તળાવમાં ન્હાવા માટે દબાણ કર્યું હતું. આ બંન્ને જણાએ એકબીજાના મેળાપીપણમાં નરેશભાઈને મરી જવા માટે પ્રેરિત કરતાં નરેશભાઈ નગ્ન હાલતમાં તળાવમાં ન્હાવા પડતાં જ તેઓ તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ જોઈ ઉપરોક્ત બંન્ને જણા સ્થળ છોડી નાસી ગયા હતા. નરેશભાઈ પરત ઘરે નહીં આવતાં અને કલાકો વિતી ગયા બાદ પણ તેઓની કોઈ ભાણ ન મળતાં પરિવારજનોને જાણવા મળ્યું હતુ કે, ઉપરોક્ત બડવા – ભુવાઓ દ્વારા નરેશભાઈને તળાવ ખાતે લઈ ગયા હતા અને નરેશભાઈ ન્હાવા પડયા હતા. આખરે નરેશભાઈ તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થઈ મોતને ભેટતા આ સંબંધે ગામમાં રહેતા કાજુભાઈ પશવાભાઈ પરમાર દ્વારા ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં ગરબાડા પોલીસે ગુનો તાત્કાલિક બંન્નેની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના દેવળમાં તેની નાતાલ પર્વ ઉજવવા તેની ક્ષમતાથી ૫૦ ટકા લોકો ભાગ લઈ શકશે

દાહોદ,

દાહોદ કલેક્ટર વિજય ખરાડીએ જણાવ્યું છે કે, આગામી નાતાલ પર્વ અને અંગ્રેજી નવા વર્ષની ઉજવણી કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ જ કરવાની રહેશે. દેવળોમાં તેની બેઠક ક્ષમતાના ૫૦ ટકા લોકો જ ઉપસ્થિત રહી ધાર્મિક કાર્યક્રમ કરી શકશે.

નાતાલની શુભકામનાઓ પઠવાતા કલેક્ટર ખરાડીએ ઉમેર્યું કે, સુપ્રિમ કોર્ટ અને સરકાર દ્વારા ઉજવણીઓ સંદર્ભે ચોક્કસ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. તે મુજબ જ તમામ તહેવારોની ઉજવણી કરવાની રહે છે.

દાહોદ જિલ્લામાં આવેલા દેવળોમાં તેની બેઠક ક્ષમતાથી ૫૦ ટકા લોકો જ ઉપસ્થિત રહી નાતાલ સંદર્ભેની ઉજવણી કરી શકશે. આ ઉપરાંત દેવળોમાં પણ સેનિટાઇઝેશનની વ્યવસ્થા કરવાની રહેશે. દેવળમાં આવનારી વ્યક્તિ માસ્ક પહેરીને આવે, સામાજિક અંતરનું પાલન થાય, હેન્ડ સેનિટાઈઝર રાખવા સહિતની બાબતે પણ તકેદારી રાખવાની રહેશે. માઇક્રો કન્ટેઈન્મેન્ટ ઝોનમાં કોઈ પણ પ્રકારની ઉજવણી કરી શકાશે નહી.

તેમણે જણાવ્યું કે, અંગ્રેજી નવા વર્ષ નિમિત્તે ૩૧ ડિસેમ્બરની ઉજવણી લોકોએ ઘરે રહીને કરવી. દાહોદ નગર અને જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા ભીડભાડ થાય એવા સ્થળોની ઓળખ કરવામાં આવી છે. અહીં પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ઉજવણી કરવા માટે ભીડ કરતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે.

# કોરોનાની વેક્સીન અંગેની અફવાઓથી સાવચેત રહેવા અપીલ કરતા કલેક્ટર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ કલેક્ટર વિજય ખરાડીએ આજે જિલ્લા સેવા સદનમાં અહીંની સ્વેચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા સામાજિક–ધાર્મિક અગ્રણીઓ સાથે કોરોના વાયસર પ્રતિકારક રસી બાબતે બેઠક યોજી હતી અને તેમાં રસીકરણ બાબતે માહિતી આપી લોકોને અફવાઓથી દૂર રહેવા અપીલ કરી હતી. રાજ્ય અને કેન્દ્ર સરકારની સૂચના મુજબ વેક્સીનેશન માટેની કોલ્ડ ચેઈન, તેનું લોજીસ્ટીક સહિતની બાબતોની દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે. આરોગ્ય તંત્ર દ્વારા ૫૦ વર્ષથી ઉપરની ઉંમર ધરાવતા લોકોની યાદી તૈયાર કરવા માટે સર્વે કરવામાં આવ્યો છે અને આવા લોકોની યાદી તૈયારી કરવામાં આવી છે. તેમાં કોમોરબિડ વ્યક્તિઓની પણ યાદી તૈયાર કરવામાં આવી છે. રસી આવે તે બાદ સર્વ પ્રથમ દાહોદ જિલ્લાના આરોગ્યકર્મીઓને રસી આપવામાં આવશે. એ બાદ પોલીસ સહિતના વિભાગોના ફ્રન્ટ લાઇન વોરિયર્સનું રસીકરણ કરવામાં આવશે. તે બાદ મોટી ઉંમરના કોમોરબિડ વ્યક્તિને રસી આપવામાં આવશે. એ રીતે આયોજન કરવામાં આવ્યું છે. તેમણે એક ખાસ બાબત કહેતા કહ્યું કે, જ્યારે નવી બાબત આપણી સામે આવે ત્યારે તેના અંગે તરહ તરહની ચર્ચા થતી હોય છે. નવી બાબતો અપનાવતા પહેલા નાગરિકો તેનો પ્રતિકાર પણ કરતા હોય છે. ત્યારે, રસીકરણની કોઇ પણ અફવાથી ગભરાવાની જરૂર નથી. માત્ર અધિકૃત માહિતી ઉપર જ વિશ્વાસ કરવો. દાહોદના કાઝીએ પોતાના અનુભવો જણાવતા કહ્યું કે, દાહોદમાં આ પૂર્વે લોકોએ પોલિયોની રસી સામે પ્રતિકાર કર્યો હતો. પણ, તેને પોલિયોની રસીની જરૂરિયાત અંગે સમજ આપવામાં આવતા નાગરિકોએ તેને અપનાવી લીધી હતી. આ જ રીતે સૌ સામાજિક અને ધાર્મિક અગ્રણીઓ જિલ્લા વહીવટી તંત્ર સાથે સહયોગ કરીને લોકોને રસીકરણ બાબતે જાગૃત કરશે. મહિલાઓની એક ખાસ ટીમ બનાવવામાં આવશે. તેમણે કોરોનાકાળમાં આરોગ્ય તંત્ર દ્વારા થયેલી કામગીરીની સરાહના પણ કરી હતી.

## ગોધરા જૈન સોસાયટી સામે ડૉ.વીલાની મિલ્કતમાં

# ૩૬ વર્ષની કાનૂની લડાઈ બાદ ગેરકાયદેસર દબાણ દુર કરાયા



- ગેરકાયદેસર દબાણ તોડવા નગર પાલિકા અને પોલીસ બંદોબસ્ત ગોઠવાયા.
- જમીનના માલિક દ્વારા પોતાની જમીનમાં ગેરકાયદે દબાણ કરવામાં આવ્યું હોવા અંગે વર્ષ ૧૯૮૪માં કોર્ટમાં કર્યો હતો કેસ.
- ૩૬ વર્ષ બાદ જમીનના સાચા માલિકને હક્ક આપવા કોર્ટે કર્યો હુકમ.
- ગોધરાના એડિશનલ સિનિયર સિવિલ જજ દ્વારા કરાયો હુકમ.
- કોર્ટના હુકમને લઈને ખુલ્લી જમીનમાં ગેરકાયદેસર રીતે કરવામાં આવેલું દબાણ કરાયું દુર.
- કોર્ટના કર્મચારી, પોલીસ અને સંબંધિત વિભાગોના અધિકારીઓની હાજરીમાં નગર પાલિકા દ્વારા ગેરકાયદેસર દબાણ દૂર કરી જમીનના મૂળ માલિકને સોંપાયો કબજો.

ગોધરા,

ગોધરા ચાચર ચોક થી બસ સ્ટેશન જવાના માર્ગ ઉપર જૈન સોસાયટી સામે ડૉકટર વિલાના નામની ખાનગી માલિકીની મિલ્કત આગળ આવેલ ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર દબાણ દુર કરવા માટે કાનૂની લડત લડયા બાદ ૩૬ વર્ષ બાદ ગેરકાયદેસર દબાણો દુર કરવા કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. કોર્ટના આદેશ બાદ નગર પાલિકા દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હટાવવામાં આવ્યું.

ગોધરા શહેર જૈન સોસાયટી સામેની લાઈનમાં ડૉકટર વિલા નામની ખાનગી માલિકીની મિલ્કત આવેલ છે. આ ખાનગી માલિકીની મિલ્કતમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવેલ હતું. ગેરકાયદેસર દબાણ હટાવવા માટે ડૉ. મનરંજન એમ.વરીઆ છેલ્લા ૩૬ વર્ષથી કોર્ટમાં કાનૂની લડાઈ લડી રહ્યા હતા. આખરે ગોધરા સિવિલ કોર્ટ એ ગેરકાયદેસર દબાણ દુર કરવાનો ચુકાદો આપવામાં આવ્યો હતો. છેલ્લા ૩૬ વર્ષથી કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણ દુર કરવાના કોર્ટના આદેશ બાદ આજરોજ પોલસી બંદોબસ્ત સાથે નગર પાલિકાની ટીમ ડૉકટર વિલાની મિલ્કતમાં કરવામાં આવી પહોંચતા દબાણકર્તા દ્વારા સ્વૈચ્છા એ દબાણ દુર કરી લેવાની ખાત્રી આપી હતી. જેને લઈ પોલીસ અને નગર પાલિકાની ટીમ ખડેપવે ઉભી રહીને દબાણ હટાવવાની કામગીરી કરાવી હતી. વર્ષોથી ખાનગી માલિકની મિલ્કતમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હતું. તેવું દબાણ કોર્ટના હુકમ બાદ તોડવામાં આવતાં મોટી સંખ્યામાં લોક ટોળાઓ ઉમટી પડયા હતા. છેલ્લા ૩૬ વર્ષથી ચાલતી કાનૂની લડાઈ બાદ મિલ્કતમાંથી દબાણ દુર થતાં પરિવારજનોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

## શહેરા તાલુકાના અણીયાદ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ ૯ પ્રાથમિક શાળાઓ CCTV કેમેરાથી સજ્જ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના અણીયાદ ગ્રામ પંચાયત વિસ્તારની ૯ પ્રાથમિક શાળાઓમાં ૬૪ જેટલા સીસીટીવી કેમેરા મુકવા માટે ગ્રામ પંચાયત સરપંચ ધનશ્યામ ભરવાડના સહકારથી અંદાજે ૯ લાખ ૫૦ હજાર જેવી રકમનો ખર્ચ પંચાયત હેઠળ કરીને અણીયાદ ક્લસ્ટરની ૯ જેટલી પ્રાથમિક શાળાઓ સીસીટીવી કેમેરાથી સજ્જકરી દેવામાં આવી છે. ત્યારે આજે અણીયાદ પ્રાથમિક શાળા ખાતે નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.ધર્મેન્દ્રકુમાર ભમાતના અધ્યક્ષ સ્થાને તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝા દ્વારા સીસીટીવી કેમેરાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.જેમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વિનોદ પટેલ અને બી.આર.સી.કો.ઓર્ડીનેટર ડો.કલ્પેશ પરમાર, ગામના અગ્રણી રમણભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સીસીટીવી કેમેરાની સુવિધા વિદ્યાર્થીઓ અને શિક્ષકમાં સ્વયંશિસ્ત, નિયમિતતા અને પરીક્ષામાં પારદર્શકતા તેમજ વહીવટી અને બાળકોની શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થાય તે માટે ઉપયોગી નીવડશે. આ પ્રસંગે નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.ધર્મેન્દ્રકુમાર ભમાત અને તાલુકા વિકાસ અધિકારી અંકિતા ઓઝાએ કોરોના વોરિયસ તરીકે સી.આર.સી.કો.ઓર્ડીનેટર અને પગાર કેન્દ્રના આચાર્ય અને શિક્ષકોની કામગીરીને બિરદાવી અભિનંદન પઠાવ્યા હતા. આ સીસીટીવી કેમેરા લોકાર્પણ કાર્યક્રમમાં બીટ કેળવણી નિરીક્ષક, સી.આર.સી.કો.ઓર્ડીનેટર, પગાર કેન્દ્ર આચાર્ય, ગ્રામ પંચાયતના સરપંચ ધનશ્યામ ભરવાડ, રમણભાઈ રાઠોડ સહિત ગ્રામજનો, એસ.એમ.સી. અને શિક્ષણ પરીવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



વિકાસશીલ તાલુકા જોગવાઈ અંતર્ગત શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે પ્રભારી સચિવ રાજકુમાર બેનીવાલના અધ્યક્ષ સ્થાને એક બેઠક મળી હતી. આ મળેલ બેઠક મા બે કરોડ રૂપિયા ના વિકાસ ના કામો મંજૂર કર્યા હતા. ૫૦-વિકાસશીલ તાલુકા જોગવાઈ અંતર્ગત શહેરા તાલુકાના વિકાસશીલ વર્ષ ૨૦૨૦-૨૧ ના નવીન આયોજન માટે તાલુકાના પ્રભારી સચિવ રાજકુમાર બેનીવાલના અધ્યક્ષ સ્થાને તાલુકા પંચાયત કચેરીના મીટીંગ હોલ ખાતે બેઠક યોજાઈ હતી,જેમાં તાલુકાના સ્વાર્ગી વિકાસના આરોગ્ય, શિક્ષણ પોષણ,પશુપાલન જેવા માનવ સૂચકઆંકની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી,સાથે જ વિકાસશીલ તાલુકા જોગવાઈ હેઠળ તાલુકાને રૂપિયા બે કરોડની ગ્રાન્ટના કામોનું આયોજન મંજૂર કર્યું હતું.આ બેઠકમાં પંચમહાલ જિલ્લા કલેક્ટર અમિત અરોરા, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા આયોજન અધિકારી અને પ્રાંત અધિકારી જય બારોટ તેમજ જિલ્લાના લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અયોધ્યા શ્રીરામ મંદિરના નિર્માણના નિધિ એકત્રીકરણ માટે કાર્યાલયનું ઉદ્દઘાટન



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

અયોધ્યામાં ભગવાન શ્રી રામ ના ભવ્ય મંદિર ના નિર્માણ માટે નિધિ એકત્રીકરણના જન જાગરણ કાર્યક્રમમાં પ્રત્યેક હિન્દૂ પોતાનો આર્થિક સહયોગ આપે અને હિન્દુ સમાજના આર્થિક સહયોગથી ભવ્ય મંદિરનું નિર્માણ થાય તે માટે ગોધરા ખાતે પંચમહાલ જિલ્લા કાર્યાલયનું ઉદ્દઘાટન કાર્યક્રમ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા યોજાયો હતો.

શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિસંગ્રહ અભિયાન અંતર્ગત શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ભગવાન શ્રી રામલલાની પાવન ભૂમિ પર ભવ્ય અને દિવ્ય મંદિરના નિર્માણ માટે એક વ્યાપક જન સંપર્ક અભિયાન એવમ સહયોગ અભિયાન શરૂ કરવા જઈ રહ્યું છે. ત્યારે આ અભિયાનનો હેતુ શ્રી રામ જન્મ ભૂમિ ના ઐતિહાસિક મહત્વને જન માનસ સુધી પહોંચાડવાનો છે. આ અભિયાનના પ્રચાર પ્રસાર અને વ્યવસ્થાના ભાગરૂપે પંચમહાલ જિલ્લાના કાર્યાલયના ઉદ્દઘાટનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પૂજ્ય રામશરણદાસજી(શાસ્ત્રીજી). હાલોલ, કોઠારી બ્રહ્મજીવન સ્વામી બી.એ.પી.એસ,સ્વામિનારાયણ મંદિર, ગોધરા,મહંત પ્રેમદાસજી મહારાજ, કબીર મંદિર સાંકલી, સંત પ્રસાદ સ્વામીજી, ઈન્દ્રજીત મહારાજ, મહંત કલ્યાણદાસ ગુરૂ શિવાનંદ મહારાજ તેમજ અજયભાઈ વ્યાસ (દક્ષિણ ગુજરાત પ્રાંત મંત્રી, વિહિપ) અને રામ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલ-વડોદરા ટોલ બુથ પાસે ST બસના ચેકીંગ દરમ્યાન દારૂ સાથે બે મહિલાઓ ઝડપાઈ

હાલોલ,

હાલોલ–વડોદરા હાઈવે રોડ ટોલનાકા પાસે આવેલ રૂરલ પોલીસે એસ.ટી.બસને રોકી હતી અને બસનું ચેકીંગ કરતાં બે મહિલા ઓ પાસે મીણીયા થેલી માંથી ઈંગ્લીશ દારૂ કિંમત ૨૮,૯૮૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ–વડોદરા હાઈવે રોડ ટોલ નાકા પાસે હાલોલ રૂરલ પોલીસ દ્વારા એસ.ટી.બસનું ચેકીંગ કરવામા આવ્યું હતું. ચેકીંગ દરમ્યાન જાલીબેન રસુલભાઈ પરમાર રહે.વરમખેડા, દાહોદ, સીતાબેન હમરાભાઈ ભાભોર પાસે રાખેલ મીણીયા થેલામાં ભરીને લઈ જવાતો ઈંગ્લીશ દારૂની બોટલ નંગ–૨૭૬ કિંમત ૨૮,૯૮૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવી. આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલમાં આજે ૨૧ કોરોના પોઝીટીવ કેસ : કુલ આંક ૩૬૯૭ થયો

- ૧૮ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૧૯૦.
- મૃત્યુ આંક - ૧૩૦.

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૧ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૬૫૫ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા–૧૦, હાલોલ–૦૪, કાલોલ–૦૧, શહેરા–૦૧, ઘોઘંબા–૦૨, મોરવા(હ)–૦૩ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

# દાહોદ હત્યા કેસ : ત્રણ બાળ કિશોરોએ જ કરી મિત્રની હત્યા

- હત્યાને અંજામ આપનાર કિશોરોને પોલીસે ઝડપ્યા.
- પૈસા પરત ન આપવા પડે માટે હત્યા કરી.

દાહોદ,

ત્રણ દિવસ આગાઉ દાહોદ તાલુકાના નાની સારસી ગામે ઈન્દૌર હાઈવે રોડ ખાતે ગત તા.૨૧મી ડિસેમ્બરના રોજ રાત્રીના આઠેક વાગ્યાના અરસામાં નાના ડબગરવાડ વિસ્તારમાં રહેતો ૧૯ વર્ષીય આશાસ્પદ યુવકની બળેલી હાલતમાં લાશ મળી આવી હતી. આ યુવકની હત્યા કરાઈ હોવાની આશંકાઓની વચ્ચે એલસીબીએ તપાસનો ધમધમાટ આરંભ કરી હત્યારાઓને પકડી પાડવા સારૂ ચક્રોગતિમાન કર્યા હતા. પોલિસે આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં લઈ ટેકનીકલ માધ્યમ સહિત સીસીટીવી માધ્યમોથી ગુન્હાનો ભેદ ઉકેલી હત્યાનો મુખ્ય સૂત્રધાર તેમજ બે બાળ કિશોરો મળી કુલ ત્રણ સગીર વયના બાળકોએ તેમના જ મિત્રની પૈસાની લેવડ દેવડ બાબતે ઘાતકી હત્યા કરી પુરાવાના નાશ કરવા માટે પેટ્રોલ છાંટી લાશને બાળી નાખી હોવાનું ઘસ્ફોટક થતાં પરિવાર સહિત પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

દાહોદ શહેરના ડબગવાડ વિસ્તારમાં રહેતો ૧૯ વર્ષીય જગદીશ ઉર્ફે સોનુ રાજેશભાઈ દેવડાએ તેના સાથી બાળ કિશોર મિત્રને જે દાહોદમાં જ રહે છે. તેને કેટલાક સમય પહેલા રૂપીયા ૨૦ હજાર વ્યાજે આપ્યા હતા. લાંબો સમય વિત્યા છતાં પણ આ ૨૦ અને તેના વ્યાજના નાણાં ન ચુકવતાં અવાર નવાર આ જગદીશ અને તેના મિત્ર વચ્ચે ઝઘડો તકરાર પણ થતો હતો. વ્યાજના રૂપીયાની રકમ વધીને એક લાખ થઈ ગયા હતા. આ એક લાખ રૂપીયા આપવા ના પડે તે માટે કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરે જગદીશને મોતને ઘાટ ઉતારવાનો પ્લાન તૈયાર કર્યો હતો. તેના અન્ય બે સાથી બાળ મિત્રોને પૈસાની લાલચ આપી મર્ડર કેસમાં સાથ આપવા સામેલ કરી દીધા હતા.

સમગ્ર હત્યાકાંડના ચકચારી બનાવનો દિવસ એટલે તા.૨૧મી ડિસેમ્બરના રોજ આ ત્રણેય જણાએ આગોતરૂ કાવતરૂં રચી મુખ્ય સુત્રધાર બાળક કિશોરે તેના મિત્રોને મોટરસાઈકલ પર બેસાડી નાની સારસી ગામે આવ્યો હતો.અને એલ.પી.જી.ગેસ પંપની સામે ઈન્દૌર હાઈવે રોડના ડિવાઈડરની ઝાંડીઓમાં તલવાર અગાઉ જ સંતાડી દીધી હતી. ત્યારબાદ જગદીશે મુખ્ય સુત્રધાર બાળ કિશોરને ફોન કરી વ્યાજે આપેલા રૂપીયાની ઉઘરાણી કરી હતી.ત્યારબાદ મુખ્ય સુત્રધાર બાળ કિશોરે મૃતક જગદીશને ફોન કરી કહેલ કે, વ્યાજના રૂપીયા લઈને દાહોદ પડાવ પોલીસ ચોકીની સામે પેટ્રોલ પંપ ઉપર આવેલ છુ.અને મે એક જગ્યાએ સોનુ દાટેલ છે, તે ખોદીશું તો તે તને આપી દઈશું, તું તારા ઘરેથી હથોડી લેતો આવજે તેમ જગદીશને જણાવ્યું હતું. આ બાદ જગદીશ ઘરેથી હથોડી લઈ મુખ્યસુત્રધાર બાળ કિશોર પાસે ગયો હતો. આ બાદ જગદીશને ૨ હજાર રૂપીયા મુખ્યસુત્રધાર દ્વારા આપ્યા હતા.અને નજીકની હોટલ પર ચા પીવા માટે લઈ ગયો હતો. આ દરમ્યાન બીજા બે બાળ કિશોરો આ લોકોની પાછળ પાછળ આવ્યા હતા. ચા પીધા બાદ મુખ્ય સુત્રધાર દ્વારા જગદીશને દાટેલ સોનાની જગ્યાએ લઈ જવા લાલચ આપી હતી.અને નાની સારસી ગામે ઈન્દૌર હાઈવે પર ત્રણે જગદીશને લઈ ગયા હતા. મૃતક જગદીશ પોતાની સાથે લાવેલ હથોડી મુખ્ય સુત્રધારે લઈ લીધી હતી.અને નાટક કરી જમીન ખોદતો હતો. આ દરમ્યાન જ મુખ્ય સુત્રધારે મૃતક જગદીશના માથામાં હથોડી મારી દેતા લોહી લુહાણ થઈ ગયો હતો.અને તેવી સ્થિતિમાં મૃતક જગદીશ બુમાબુમ કરતાં મુખ્ય સુત્રધારની સાથે આવેલ બીજા બે બાળ કિશોરોએ જગદીશનું મોં અને પગ દબાવી દીધા હતા. આ બાદ મુખ્ય સુત્રધાર બાળ કિશોરે નજીકમાં પહેલાથી જ સંતાડી રાખેલ તલવાર લઈ આવી જગદીશના પીછના ભાગે બે – ત્રણ ઘા મારી દીધા હતા અને ગળાના ભાગે પણ તલવાર ફેંરવી દેતાં જગદીશનું ઘટના સ્થળ પર જ કમકમાટી ભર્યું મોતને ઘાટ ઉતારી આ ચકચારી હત્યાકાંડને અંજામ આપ્યો હતો.

### ટીવી સિરિયલથી પ્રેરિત થઇ બાળકીશોર મર્ડર જેવી ક્રૂર માનસિકતા સુધી પહોંચ્યો : ઉઘરાણીથી કાયમી છુટકારો પામવા માટે મિત્રની ઘાતકી હત્યા કરી

વધુમાં જાણવા મળ્યા અનુસાર, મુખ્ય સુત્રધારને ટીવી ચેનલો પર ક્રાઈમ પેટ્રોલ તેમજ સાવધાન ઈન્ડિયા સહિતની સીરીયલો જોવાનો ખુબ જ શોખ હતો. આ ક્રાઈમ ટીવી શો જોઈ તેને વિચાર આવ્યો હશે કે,કદાચ ગુન્હાહીત પગલું ઉઠાવી કાયમ માટે શાંતી પરંતુ તેને ક્યાં ખબર હતી કે, પોલીસ પકડથી બચી નહીં શકે. પોતાના અંગત મિત્રને જ પૈસાની લેતી-દેતી મામલે મોતને ઘાટ ઉતારી દેવામાં આવશે તે વિચાર તો કદાચ મૃતકના પરિવારજનોએ પણ નહિ વિચાર્યું હોય.

### હત્યાકાંડને અંજામ આપનાર બાળકીશોરના ફોટોગ્રાફી તેમજ મોજશોખની કુટેવ મર્ડર સુધી લઇ ગયા

કાયદાના સંઘર્ષમાં આવેલ આ મુખ્યસુત્રધાર બાળ કિશોર મૃતક જગદીશનો અંગત મિત્ર હતો. આ બાળ કિશોર પોતાની માતા સાથે શાકભાજીની દુકાન ઉપર બેસતો હતો.તેને કેમેરાથી ફોટોગ્રાફી કરવાનો તેમજ મોજશોખ કરવા કરવા જેવા પણ શોખ ધરાવતો હતો.જેથી પૈસાની જરૂર હોય જગદીશ પાસેથી આઠ માસ થોડા થોડા કરી કુલ રૂા.૨૦, ૦૦૦ વ્યાજે લીધા હતા. આ રૂપીયાનું વ્યાજ વધીને ૧ લાખ થઈ ગયું હતું. આ રૂપીયાની ઉઘરાણી સમયે જગદીશ અને તેના મિત્ર વચ્ચે અવાર નવાર ઝઘડો તકરાર પણ થતો હતો અને આખરે વ્યાજના લીધેલા રૂપીયા પરત ન આપવા પડે તે માટે મુખ્ય સુત્રધાર બાળ કિશોરે તેના બીજા બે મિત્રોની મદદથી જગદીશને મોતને ઘાટ ઉતારવાનો પ્લાન તૈયાર કરી લીધો હતો.

### મિત્રની ઠંડા કલેજે હત્યા કર્યા બાદ મુખ્ય સુત્રાધારે લોહીથી ખરડાયેલા કપડાં તેમજ હત્યામાં વપરાયેલ તલવાર સહીત મારક હથિયાર સગેવગે કર્યા

મુખ્ય સુત્રધાર બાળકીશોરે મિત્ર જગદીશની હત્યા કર્યા બાદ નજીકમાં બાલાજી હોટલથી પાણીની ત્રણ બોટલો મંગાવી લોહીવાળા મોઢું અને હાથપગ ધોઈ લોહીથી લથબથ કપડા ઘરે બદલવા ગયો હતો.અને નવા કપડા પહેરી લોહીવાળા કપડાં ઈન્દૌર હાઈવે રોડ પર આવેલ એક મહિન્દ્રા શો-રૂમ નજીક નાંખી દીધા હતા. તેમજ હત્યામાં વપરાયેલા તલવાર તેમજ હથોડી ફેંકી નજીકમાં ફેંકી દીધી હતી. ત્યારબાદ મૃતક જગદીશની ટુ વ્હીલર વાહન હાઈવે રોડ ઉપર દરગાહ પાસે મુકી દઈ તેની ચાવી નાંખી દીધા બાદ ત્યાંથી મોટરસાઈકલ ઉપર બેસી રળીયાતી થઈ ઘરે આવી ગયા હતા.ઉપરોક્ત હત્યાની હકીકત ત્રણેય કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરોએ પોલીસ સમક્ષ કરતાં એકક્ષણે પોલીસના પણ હોંશ ઉડીં ગયા હતા. મૃતક જગદીશના પરિવાર સાથે સાથે કાયદાના સંઘર્ષમાં આવેલ ત્રણ બાળ કિશોરોના પરિવારોમાં પણ આક્રંદનો માહોલ સર્જાવા પામ્યો છે.

### ત્રણેય બાળકિશોરોએ જગદીશની હત્યા કરી પુરાવાના નાશ કરવા માટે લાશ પર પેટ્રોલ છાંટી આગ લગાડી

જગદીશ દેવડાની હત્યાને અંજામ આપ્યા બાદ ત્રણેય બાળ કિશોરો ત્યાંથી રવાના થયા બાદ નજીકમાં આવેલ દેસાઈ પેટ્રોલ પંપ પરથી પ્લાસ્ટિકની બોટલમાં ૫૦ રૂપીયાની પેટ્રોલ ભરાવી પરત ઘટના સ્થળે આવી પુરાવાનો નાશ કરવા માટે મૃતક જગદીશના શરીર પર પેટ્રોલ ઝાંટી દિવાસળીથી આગ ચાંપી જગદીશની લાશને બાળી દીધી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 105